**647510** **0101201E1042** **Seat No: ___________**

# B.A. Semester - 2 (CBCS) Examination
## March/April- 2018
## GUJARATI : P4 SARJAN LEKHAN KAUSHAL-2 (ELECTIVE-1)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન – ૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

જગતમાં નઠારા કે સારા માણસો વચ્ચેનો ભેદ શાથી પડે છે ? માત્ર તેમના હ્રદયની વૃત્તિથી જ પડે છે ; રૂપ, રંગ, સમૃધ્ધિ, પોષાક કે સારી સારી વાતો તે કશાથી એ ભેદ પડતો નથી. સારી વૃત્તિ એટલે સારૂં જ્ઞાન, સારૂં જ્ઞાન એટલે જે ઉત્તમ પ્રકારની વાત જાણવામાં આવે છે તે જ પ્રમાણે કરી બતાવવા રૂપ અનુભવ એમ જે માણસમાં હોય તે જ સારા માણસ. આમ, અનુભવ એ આ સંસારમાં સર્વત્ર આવશ્યક છે. ને એના વિના નીતિ, વ્યવહાર, ધર્મ, કર્મ કશું સારું થતું નથી. ઘણાંક એવા મનુષ્ય હોય છે કે જેમને મોટા મોટા વિચાર અને વાતો આવડતા હોય નહિ, પણ જેમનો અનુભવ એવો પાકો થયો હોય કે જેથી વાતો કરનારા કરતા પણ અતિ ઉત્તમ પ્રકારના તે હોઈ શકે. એ જ અનુભવનો મહિમા છે. એટલા જ માટે જેણે ઘણા વર્ષ આ જગતમાં ગાળી ઘણો અનુભવ મેળવ્યો છે તે માનને પાત્ર છે.

– મણિલાલ દ્વિવેદી

અથવા

પ્રશ્ન – ૧ અમુક સદગુણો અને સિધ્ધાંતોને વળગી રહો. જીવનમાં કદી તેમનો ત્યાગ કરો નહી. તેઓ જ તમારા મિત્રો અને મદદગાર બનશે. આથી તમારી પ્રગતિ થઈ છેવટે શાશ્વત સુખ અને સફળતા પ્રાપ્ત થશે. આ સદ્‌ગુણો ને અમલમાં મૂકવા માટે નિશ્ચય કરો અને તે માટે અંગત ડાયરી રાખો. તમારી રોજની વર્તણૂંક અને વાણીની નોંધ રાખો. આથી તમારો વિકાસ થાય છે કે નહિ તેનો ખ્યાલ આવશે. તમારી ભૂલો નજરે પડશે. જે તમે સુધારી શકશો. ડાયરી મિત્રની ગરજ પૂરી પાડી તમારી નિર્બળતા બતાવી તમને નમ્ર બનાવશે. રોજ ઈશ્વરની પ્રાર્થના કરો અને તેને આંતરિક બળ અને દોરવણી આપવા માટે વિનંતી કરો. આથી આત્મબળ અને સદ્‌ગુણોમાં વૃધ્ધિ થશે. આદર્શ મહાત્માઓનાં જીવનચરિત્ર અને ઉપદેશમાંથી પ્રેરણા મેળવી તે અનુસાર તમારું જીવનઘડતર કરો.તમારું મન કદી આળસુ કે શૂન્ય બનશે નહિ. ઉમદા જીવન માટે સારા વિચાર ચાવીરૂપ છે.

– સ્વામી સચ્ચિદાનંદજી

પ્રશ્ન – ૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

આજે તો બધે ઊંચા જીવનધોરણની બૂમો પડી રહી છે. વાડીવજીફો, મોટર, બંગલો, ટીવી વગેરેને ઉચું જીવન કહે છે. જૂના વખતમાં પ્રામાણિક, પવિત્ર, સદાચારી જીવન ઊંચુ ગણાતું. જેની જરૂરીયાત ઓછી તે ઊંચો ગણાતો. પણ આજે તો ઊંચા જીવનની વ્યાખ્યા જ અવળી થઈ ગઈ છે. પરંતુ આ ઊંચુ જીવન કે અધોગતિનું જીવન ? ઊંચા જીવન વિશેના આપણા અને પશ્ચિમના ખ્યાલમાં જમીન–આસમાનનું અંતર છે. પહેલા ગામમાં ડોસીઓ કહેતી કે ' હૈયું ન બાળજો, હાથ બાળજો ' પણ આજે તો હૈયું બાળવાની વાત આવી ગઈ છે. હાથ ને સુંવાળા બનાવે છે, ઉપર મેંદી મૂકે છે. પહેલા સવારે ઊઠતાવેંત પોતાના જમણા હાથના દર્શન કરતા : ' તારા પ્રતાપે દહાડો કાઢીશ ' એવી ભાવના રહેતી. ઈશ્વરે બે હાથ આપ્યા છે એટલેસ્તો છાતી કાઢીને ચાલી શકીએ છીએ, નહિ તો ગાય, ભેંસ, બળદની જેમ વાંકા વળીને ચાલવું પડત. ભગવાને માણસને એક મોઢું અને બે હાથ આપ્યા છે પણ આજે તો મોઢાં વધતા જાય છે અને હાથ ઘટતા જાય છે. બહુ થાય તો હાથનો ઉપયોગ ઝૂંટ મારીને બીજાનું પડાવી લેવામાં થાય છે. હાથનો સાચો ઉપયોગ થતો હોય તો કોઈ દિવસ તંગી ન વરતાય.

– રવિશંકર મહારાજ

અથવા

પ્રશ્ન – ૨ કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનનુ શુધ્ધ, સમૃધ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જવાળા સળગાવીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે. સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણ

ન કરે તો એ પરિપુષ્ટ હોવા છતાં, કૃતાર્થ ન થઈ શકે ; અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો એમાં પોલાપણું આવે એટલું જ નહી, પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે. જો જીવન ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય.

– ફાધર વાલેસ

પ્રશ્ન – ૩ વિરામચિહ્નો એટલે શું ? સમજાવી ગુજરાતી ભાષામાં પ્રયોજવામાં આવતા વિવિધ વિરામચિહ્નોને ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

અથવા

નીચેના વાકયોમાં વિરામચિહનો મૂકી વાકયો ફરીથી લખો.

પ્રશ્ન – ૩ (૧) જા ભૂરી સુખી થજે આપણાં અંજળપાણી હતાં તેટલું સાથે રહયાં આપણાં અંજળપાણી ખૂટયાં નકર આવો વખત આવે ખરો

(૨) હાં હાં હાં ગજબ કરો મા બા એમ કરતો આખો ડાયરો આડો પડયો

(૩) માડી પછેડી લાવ્ય ગાંસડી બાંધીએ

(૪) બેટા હીરબાઈ આંહી આવતી રહે

(૫) કાઠીઓમાં આ કઢીચટ્ટાપણું કયારથી પેઠું ભાઈ

(૬) ગાંધીજીએ કહયું ખરાબ અક્ષરો અધુરી કેળવણીની નિશાની છે

(૭) ખેલ ખલાસ થયો ભેગા થયેલા લોકો વીખરાઈ ગયા

પ્રશ્ન – ૪ નીચે આપેલા રૂઢીપ્રયોગોના અર્થ આપો. (૧૪)

(૧) મિજાજ ગુમાવવો

(૨) ચીતરી ચડવી

(૩) હજમ કરવું

(૪) મન ઊઠી જવું

(૫) ઢંઢેરો પિટાવવો

(૬) ભેખ લેવો

(૭) હૈયું બેસી જવું

અથવા

પ્રશ્ન – ૪ કહેવતોના અર્થ આપો.

(૧) ભાવતું હતું ને વૈદે કહયું

(૨) મોરનાં ઈંડાંને ચિતરવા ન પડે

(૩) ન બોલ્યામાં નવ ગુણ

(૪) એક સાંધીએ ત્યાં તેર તૂટે

(૫) ભૂખથી ય ભૂંડી ભીખ છે

(૬) સૂંઠને ગાંગડે ગાંધી

(૭)શેઠની શિખામણ ઝાંપા સુધી

પ્રશ્ન – ૫ નીચેના માંથી કોઈપણ બે ના જવાબ આપો. (૧૪)

(૧) સમાસ એટલે શું ? ઉદાહરણ સાથે જણાવો.

(૨) ઉપપદ સમાસની વ્યાખ્યા ઉદાહરણ સહિત સમજાવો.

(૩) તત્પુરુષ સમાસના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો.

(૪) દ્વન્દ્વ સમાસના સાત વિગ્રહ સાથે ઉદાહરણ આપો.

********************